**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**
**સમક્ષ**
**કેસ નં. એમ.જી. I-૧૬-૨૦૧૫-૧૬**

અરજદાર: સવિતાબેન પરમાર,
C/o. લક્ષ્મણભાઇ શંકરભાઇ પંચાલ,
જલારામ મંદિર પાસે, કપડવંજ રોડ, નડીયાદ. જી.: ખેડા.

રજુઆત કરનાર: ગેરહાજર

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
નડીયાદ(રૂરલ) સબ-ડિવિઝન.

રજુઆત કરનાર: શ્રી એમ.એન. દેસાઇ, નાયબ ઇજનેર, નડીયાદ(રૂરલ) સબ-ડિવિઝન.

ફરીયાદી વતી શ્રી લક્ષ્મણભાઇ એસ. પંચાલની લાઇન / ડી.પી. ખસેડવા માટેની તા.૧૪.૦૫.૨૦૧૫ના રોજની અરજ.

તા.૨૯.૦૫.૧૫ ના રોજ ફરિયાદી વતી લક્ષ્મણભાઇ પંચાલની ફરીયાદ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ સાંભળવામાં આવી. જેમાં ફરીયાદી જાતે કે તેમના પ્રતિનિધિ કોઇ હાજર રહેલ નથી. સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી એમ.એન. દેસાઇ, નાયબ ઇજનેર નડીયાદ(રૂરલ) હાજર રહ્યા અને ફરીયાદી વતી શ્રી લક્ષ્મણભાઇ પંચાલે આપેલ તા.૨૭.૦૫.૨૦૧૫ નો પત્ર રજુ કર્યો.

ફરીયાદીની ટુંકમાં ફરીયાદ એવી છે કે,

(૧) અરજદારની જમીન મંજીપુરા મુકામે સર્વે નં.૨૮૧/૬ થી આવેલ છે.

(૨) ફરીયાદીએ વીજ લાઇન / ડી.પી. પોતાના ખેતરમાંથી ખસેડવા માટે રૂા.૧૦૦/- ભરી અરજી કરેલ. તેના દોઢ માસ બાદ સામાવાળા તરફથી એસ્ટીમેટ આપવામાં આવેલ.

(૩) સામાવાળાએ રૂા.૭૯,૫૬૬/- નો એસ્ટીમેટ આપેલ.

(૪) એસ્ટીમેટ ભર્યા બાદ બે માસ જેટલો સમય વીતી જવા છતાં વીજ લાઇન / ડી.પી. ખસેડવામાં આવેલ નથી. સામાવાળાને વારંવાર મૌખિક રજુઆત કરવા છતાં ડી.પી. ખસેડવામાં આવેલ નથી. જેથી વીજ લાઇન / ડી.પી. ખસેડવા માંગણી કરેલ છે.

ફરીયાદી તરફે ફોરમ સમક્ષ કોઇ હાજર રહેલ નથી.

ફરીયાદી ધ્વારા સામાવાળાને આપવામાં આવેલ પત્ર સામાવાળાએ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

તેમાં ફરીયાદી વતી શ્રી લક્ષ્મણભાઇ પંચાલે જણાવેલ છે કે "અમોએ ગામ મંજીપુરામાં ડી.પી. તથા લાઇન ખસેડવા માટે સર્વે નં.૨૮૧/૬ માટે તા.૧૮.૦૩.૨૦૧૫ રોજ ૭૯,૫૬૬/- રૂપિયા અમોએ ભરેલ છે તે બાબતનું કામકાજ એટલે કે ડી.પી. તથા લાઇન ખસેડવાનું કામકાજ તા.૨૨.૦૫.૨૦૧૫ ના રોજ શુક્રવારે સંતોષકારક પતી ગયેલ છે માટે કોઇ જાતનો વાંધો રહેતો નથી." આમ ફરીયાદી વતી તેઓનું કામ પૂર્ણ થઇ ગયેલ હોઇ હવે સામાવાળા સામે કોઇ તકરાર રહેતી ન હોવાનું લખી જણાવેલ છે.

સામાવાળા તરફે શ્રી એમ.એન. દેસાઇ, નાયબ ઇજનેર નડીયાદ(રૂરલ) હાજર રહયા અને જણાવ્યુ કે કોન્ટ્રાકટરને ફરીયાદીની ડી.પી. / લાઇન ખસેડવાનું કામ સોંપવામાં આવેલ હતું. પરંતુ બે વાવાઝોડા આવવાના કારણે અને કોન્ટ્રાકટર લગ્નમાં ગયા હતાં તેથી ફરીયાદીનું કામ કરવામાં મોડુ થયેલ છે. પરંતુ હાલમાં તા.૨૨.૦૫.૨૦૧૫ ના રોજ કામ પુર્ણ થઇ ગયેલ છે અને તે અંગે ફરીયાદી વતી શ્રી લક્ષ્મણભાઇ પંચાલે લખાણ આપેલ છે.

ફોરમના સભ્યો સુનાવણી દરમ્યાન હાજર રહયા. ફરીયાદી વતી રજુ કરવામાં આવેલ પત્ર વંચાણે લીધો તેમજ સામાવાળાની રજુઆત સાંભળી તથા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા.

ફોરમના મંતવ્ય મુજબ ફરીયાદી વતી લક્ષ્મણભાઇ પંચાલે ફરીયાદ કરેલ છે. ફરીયાદમાં શ્રી લક્ષ્મણભાઇ પંચાલે સહી કરેલ છે. ફરીયાદ અરજમાં ફરીયાદીનું સરનામુ પણ આપેલ નથી તેના બદલે શ્રી લક્ષ્મણભાઇ પંચાલનું સરનામુ આપેલ છે. કામ પૂર્ણ થયા બાદ પત્ર લખેલ છે તે પણ લક્ષ્મણભાઇ પંચાલે લખેલ છે. તેમાં લક્ષ્મણભાઇ પંચાલની જ સહી છે અને તેના ઉપર "સવિતાબેન પરમાર વતી" લખેલ છે. આમ મંજીપુરા મુકામે સર્વે નં.૨૮૧/૬ ની જમીનના ૭/૧૨ તથા ૮/અ ના ઉતારા જોતાં તેમાં કયાંય લક્ષ્મણભાઇ પંચાલનું નામ નથી. તેથી આ જગ્યામાં આવેલ ડી.પી./ લાઇન ખસેડવા માટે અરજી કરવાનો લક્ષ્મણભાઇ પંચાલને હકક, અધિકાર નથી. સવિતાબેન ધ્વારા કોઇ પાવર ઓફ એટર્ની કે ઓથોરીટી લેટર લક્ષ્મણભાઇને આપવામાં આવેલ નથી. તેથી લક્ષ્મણભાઇ ધ્વારા કરવામાં આવેલ અરજી ધ્યાને લઇ શકાય નહી. દલીલ ખાતર માનવામાં આવે કે સવિતાબેન પરમારે લક્ષ્મણભાઇ પંચાલને પાવર ઓફ એટર્ની અથવા ઓથોરીટી લેટર આપેલ હોય તો પણ લક્ષ્મણભાઇને ફરીયાદ કરવા હકક અધિકાર નથી. કારણ કે ૭/૧૨ અને ૮/અ ના ઉતારામાં સવિતાબેન સાથે અન્ય ૧૨ વ્યકિત માલિકી હકક ધરાવે છે. તેથી તમામ

વ્યકિતનો ઓથોરીટી લેટર અથવા પાવર ઓફ એટર્ની આપેલ હોવો જોઇએ. આમ ફરીયાદીને હાલના પ્રકારની ફરીયાદ કરવા હકક અધિકાર નથી. ફરીયાદીની ફરીયાદ ફોરમ સમક્ષ સાંભળી શકાય નહી તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

ફરિયાદીશ્રી સવિતાબેન પરમાર C/o. લક્ષ્મણભાઇ શંકરભાઇ પંચાલ, જલારામ મંદિર પાસે, કપડવંજ રોડ, નડીયાદ. જી.: ખેડાનાને હુકમ કરવામાં આવે છે કે ફરીયાદી વતી હાલના પ્રકારની ફરીયાદ કરવા હકક અધિકાર નથી તેથી ફરીયાદીની ફરીયાદ ફોરમ સમક્ષ સાંભળી શકાય નહી. તેથી દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એ. જી. શાહ)<br>ટેકનિકલ મેમ્બર | (હર્ષા એસ. ચૌહાણ)<br>ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | (પી. જે. પટેલ)<br>ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ</u>:

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.